**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૧ ટકા

# આજે ગીતા જયંતિ ઉજવાશે

## લગભગ ૫૧૨૩ વર્ષ પહેલા આજના શુભ દિને શ્રીકૃષ્ણે કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો હતો

ગાંધીનગર, તા.૧૩

આજથી લગભગ ૫૧૨૩ વર્ષ પહેલાં માગશર સુદ અગિયારસના શુભ દિને ભગવાન શ્રીકૃષ્ણે કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો હતો ત્યારથી દર વર્ષે માગશર સુદ અગિયારસે ગીતા જયંતિ ઉજવાય છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને નિમિત્ત બનાવીને જે ગીતા જ્ઞાન આપ્યું હતું તે આજે પણ એટલું જ પ્રાસંગિક છે. ગીતા એક એવો શાશ્વત ગ્રંથ છે કે જે આજના યુગના માણસની તમામ સમસ્યાઓનો ઉકેલ શોધી આપે છે. ભગવદ ગીતાનો સંદેશ વિશ્વની અનેક ભાષાઓમાં પ્રસિધ્ધ થયો છે.

ભગવદ ગીતા એ મહાભારતના ભીષ્મ પર્વના ૨૪માં અધ્યાયથી ૪૨માં અધ્યાય સુધીનો ભાગ છે. ગીતામાં ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકો છે તે મહાભારતનો જ એક ભાગ હોવા છતાં એક એવો સંપૂર્ણ ગ્રંથ છે કે જેને ભારતીય સંસ્કૃતિ તથા સનાતન ધર્મના પ્રતિનિધિ ગ્રંથ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે સ્વમુખે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ ત્રિદેવ, સત્વ,




રજસ, તમસ આ ત્રિગુણ કર્મ, જ્ઞાન અને ભકિત, જીવ, જગત અને જગદીશ, જન્મ, મૃત્યુ અને પુર્નજન્મ, સત્યમ,શિવમ, સુંદરમ અને દેવ, દાનવ, માનવ જેવા રસપ્રદ વિષયોનું જ્ઞાન અર્જુનને નિમિત્ત બનાવીને સમગ્ર માનવજાતને આપ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે સ્થિર બુધ્ધિવાળો જ્ઞાની ભકત મને બહુ પ્રિય છે. જે ભકત મને નિષ્કામ ભાવે ભજે છે તેના યોગક્ષેત્રનો ભાર હું ઉપાડી લઉં છું. મારો ભકત કદી પણ નાશ પામતો નથી. જે મારામાં અચળ વિશ્વાસ રાખે છે તે મને પામે છે. એવા ભકતને હું બુધ્ધિય યોગ આપું છું. મારો આશ્રય લે છે તે મને પામે છે. એકાગ્રતાથી મને ભજનારો ભકત ઉત્તમ યોગી છે જે ભકત હર્ષ અને શોકથી મુકત છે જે ઉન્માદ કરતો નથી પ્રિયનો વિયોગ થતા દુઃખી થતો નથી તે ભકત મને અતિશય પ્રિય છે. જે શ્રધ્ધાવાળા છે મારા પરાપણ છે ધર્મરૂપી અમૃતનું સદા સેવન કરે છે, જ્ઞાની છે, ઐકય ભાવ રાખે છે. નિર્મળ બુધ્ધિવાળા છે. હિતકારી વચન બોલે છે અભિમાન અને માયાથી રહિત છે. પ્રસન્ન મન રાખે છે. હૃદયમાં સદા મને ધારણ કરે છે. જેને કોઈ કામના નથી તેવો ભકત સદા કાળ મને પ્રિય છે.

શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ગીતા મારું હૃદય, અવિનાશી જ્ઞાન, શ્રેષ્ઠ નિવાસસ્થાન તથા પરમ રહસ્ય છે. શરીર જલ સે, મન સત્ય સે, બુધ્ધિ ધ્યાન સે ઔર આત્મા ધર્મ સે પવિત્ર હોતા હૈ.

મહાત્મા ગાંધીએ કહ્યું છે કે મને તો કોઈધર્મ સંકટ આવે તો હું ગીતામાતાનું શરણ લઉં છું. પથદર્શક સમાન ગીતાનો પાઠ શ્રધ્ધાપૂર્વક કરીએ તો કદી નિરાશ થવાતું નથી. પરમ આનંદનો પમાય છે.

## જન્મદિને વધામણી


ગીતાબેન અશ્વિન જટિયા


રમેશચંદ્ર વેણીશંકર ભટ્ટ


મંજુલાબેન એસ સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨


કુલદીપસિંહ શૈલેષસિંહ સિસોદીયા


સૌરભ જી. સોલંકી
મો. ૯૫૧૦૦ ૨૦૨૭૩

## વાવોલ ખાતે યોજાયેલ યોગ શિબિરનું સફળતાપૂર્વક સમાપન



ગાંધીનગર, તા.૧૩

માનસ યોગ સેવા ટ્રસ્ટ અને પતંજલી યોગ સમિતિ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલ સિંહજી. ગોલ ના સહયોગથી વાવોલ ગામ ખાતે 'લક્ષ્ય આરોગ્યમ્' અભિયાન હેઠળ યોગ શિબિર તારીખ ૭/૧૨/૨૦૨૧ થી ૧૨/૧૨/૨૦૨૧ સુધી યોજવામાં આવી હતી. શિબિર દરમિયાન મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલ સિંહજી. ગોલ, એમ.બી. પટેલ સાર્વજનિક શાળાના આચાર્ય નિલેષભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના મેમ્બર શૈલેષભાઈ પટેલ, લાભ બિલ્ડર્સના ચેરમેન રમેશભાઈ, નેશનલ યોગા ફેડરેશનના અધ્યક્ષ અને પૂર્વ હોમ મિનિસ્ટર મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગર જિલ્લાના રેડ ક્રોસ બ્લડ બેંકના પ્રમુખ ધાંધલ સાહેબ અને તેમના ધર્મપત્ની હર્ષાબહેને (ભારતીય જનતા પાર્ટીના પૂર્વ કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય)ઉપસ્થિત રહી ગુરુજી દ્વારા અપાતા અનમોલ જ્ઞાનનો લાભ ઉઠાવ્યો હતો. શિબિર દરમિયાન પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગરના જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય શ્રી કાનજીભાઈ બાવરી દ્વારા યોગ ઉપરાંત વિવિધ વિષયો જેવા કે નેચરોપેથી, આયુર્વેદ, પ્રાકૃતિક ખેતી, એક્યુપ્રેશર, વૈદિક હવન ઉપર ખુબ જ ઉપયોગી માહિતી વિસ્તૃત રીતે સમજાવવામાં આવી હતી. આ ઉપરાંત મહિલાઓ માટે સેલ્ફ ડિફેન્સ (આત્મ સ્વરક્ષણ) અંગેની તાલીમ પણ સંસ્થા દ્વારા આપવામાં આવી. તેમજ એક મહિના સુધી યોગ શિક્ષક બનવાની ટ્રેનીંગ અને પતંજલિ યોગપીઠ હરિદ્વાર દ્વારા યોગ શિક્ષકનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. શિબિરના અંતમાં દરરોજ વિવિધ સ્વાસ્થ્યવર્ધક પૌષ્ટિક આયુર્વેદિક પીણાંઓનુ વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રજાજનો સ્વદેશી વસ્તુઓનો સદુપયોગ કરી સ્વાસ્થ્યને સમૃદ્ધ બનાવી શકે તેમજ નવ રાષ્ટ્રનિર્માણ થઈ શકે તેવા લક્ષ્ય સાથે આ અદભુત સેવાકાર્ય સંસ્થા દ્વારા શરૂ કરાયું છે.

## કમલમ્ ખાતે ગુજરાત આર્ટિસ્ટ ડિરેકટરીનું વિમોચન



ગુજરાત આર્ટિસ્ટ ડિરેકટરી ૨૦૨૧-૨૨નું વિમોચન કમલમ ખાતે યોજાયું હતું. જે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રદીપસિંહ વાઘેલા મહામંત્રી, ગોરધન ઝડફિયા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની ઉપસ્થિતિમાં ડિરેકટરીનું વિમોચન કર્યું હતું. આ ડિરેકટરી 'કલા સેતુ'ના નિર્માણ હેઠળ જીતેન્દ્ર ઠકકર અને રાજેશ ઠકકરના માર્ગદર્શન હેઠળ આ ડિરેકટરી તૈયાર કરવામાં આવી છે. આ સમગ્ર આયોજન ભારતીય જનતા પાર્ટીના સંસ્કૃતિ સેલના સહયોગથી હાથ ધરવામાં આવ્યું હતું. આ વિમોચનમાં ગુજરાતના નામાંકિત કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

## પાર્શ્વનાથ દિગંબર જૈન ચૈતાલયમાં શાંતિવિધાન ભણાવાયું

પેથાપુરમાં જૈનો દ્વારા જનોઈ ધારણ અને શાંતિ વિધાન કરવામાં આવ્યું હતું. જૈનોમાં જનોઈ ધારણની પરંપરા પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનના સમયથી છે. જનોઈનો અર્થ માત્ર ગળામાં દોરી વિટંવાનો નથી પણ એના પણ નિયમ હોય છે. જેવાકે દેવ શાસ્ત્ર ગુરુની શ્રદ્ધાથી આરાધના કરવી, આઠ વસ્તુ નો ત્યાગ કરી આઠ મૂળગુણ ધારણ કરવા. જેમની પાસે જનોઈ હોય છે તે શ્રાવકો પ્રભુ નો અભિષેક પૂજન અને સાધુઓ ને આહાર આપવાના અધિકારી છે. આવી પ્રેરણા પેથાપુરમાં વિરાજમાન પરમ પૂજ્ય આર્યિકા સમર્થશ્રી તથા સાર્થકશ્રી માતાજી તરફથી મળી તો શ્રાવકો એ પાર્શ્વ પ્રભુના ચરણોમાં તથા માતાજીના સાનિધ્યમાં સંકલ્પ પૂર્વક જનોઈ ધારણ કરી અને સુરેશભાઈ કોઠારી પરિવાર તરફથી શ્રી પાર્શ્વનાથ દિંગબર જૈન ચૈત્યાલય, સ્વપ્રવિલા-૩, પેથાપુરમાં શાંતિવિધાન ભણાવવામાં આવ્યું હતું.






ગાંધીનગર જિલ્લા માટે આઈજી અને ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સી ટીમની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર શહેરમાં આવેલા પેથાપુર પોલીસ સ્ટેશનની સી ટીમ દ્વારા સરઢવ ખાતે સી.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓમાં દુષ્કર્મ, છેડતી કે અત્યાચાર જેવાં બનાવો સામે જાગૃતિ કેળવવા ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય જગદીશભાઈ પટેલ તેમજ પેથાપુર પોલીસ સી ટીમના પ્રીતિબેન અને હેડ કોન્સ્ટેબલ અજરતબેન, ડિમ્પલબેન, કાજલબેન વગેરેએ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

## આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ cyssની બેઠક મળી



આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ cyss ની બેઠક સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો, તેમને પડતી સમસ્યાઓ અને સરકારની નાકામીના કારણે પડતી હાલાકીઓના નિરાકરણ તેમજ સરકાર સામે રચનાત્મક અને આંદોલનાત્મક કાર્યક્રમો આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં બહોળી સંખ્યામાં cyss ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ પ્રમુખ ધાર્મિકભાઈએ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું. શહેરના કોર્પોરેટર અને આપના શહેર પ્રમુખ તુષારભાઈ પરીખ પણ હાજર રહ્યા હતા. cyss ગાંધીનગર શહેરના નવા વરાયેલા પ્રમુખ રજનીકાંત ચૌહાણનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આપના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરમાં બે દિવસ લગ્ન પ્રસંગોની ભરમારથી માર્ગો પર ટ્રાફિક જામ

ગાંધીનગર, તા.૧૩

લગ્નસરાની સિઝનમાં આજથી એક માસ સુધી રુકાવટ આવી છે ત્યારે ગઈકાલે શહેરમાં અઢળક લગ્ન પ્રસંગોની ભરમાર હતી. ચારે બાજુ લગ્ન પ્રસંગોની બોલબાલા હતી. શહેરમાં માર્ગો પર પણ ભીડ જોવા મળી હતી. લગ્નની ગાડીઓ, જાનૈયાઓ, ઘોડાવાળા, ડીજેવાળા વિગેરેની લાઈનો જોવા મળી હતી. શહેરમાં ગઈ કાલે ખૂબ લગ્નો હોવાથી રાત્રિ દરમિયાન પણ માર્ગો પર ભીડ જોવા મળી હતી.

લગ્નસરાની સિઝન હવે ઉત્તરાયણ બાદ શરૂ થવાની છે ત્યારે ગઈકાલે શહેરમાં લગ્નોની જમાવટ જોવા મળી હતી. એક સાથે ત્રણ ચાર લગ્નોમાં હાજરી આપવી પડે તેવા શહેરીજનોના હાલ થયા હતા. માર્ગો પર સુંદર ફૂલોથી સાજ શણગાર કરેલી ગાડીઓ જોવા મળી હતી. આ વર્ષે શહેરીજનોએ મનભરીને લગ્નપ્રસંગો માણ્યા હોય તેવું દેખાઈ રહ્યું છે. મંડપથી લઈ રસોઈયાઓ સુધી લગ્નસરામાં જોડાયેલા તમામે આર્થિક રીતે ગયા બે વર્ષ કરતા સારી કમાણી કરી હશે જ. સાથે સાથે નાના નાના ફેરિયાઓને લાભ મળ્યો છે.

શહેરના તમામ પાર્ટી પ્લોટ, રંગમંચ, સેકટરોના કોમન પ્લોટ વગેરેમાં લગ્ન સમારંભોનું આયોજન હોવાથી માર્ગો પર સવારથી ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. અનેક નગરજનોના ઘરે એક સાથે ૩-૪ આમંત્રણ મળવાથી કયાં જવું અને કયાં જવાનું ટાળવું તેની મુંઝવણો થઈ હતી. માગશરની સિઝનમાં ગઈ કાલે છેલ્લું મુહુર્ત હતું. હવે પછીના તમામ લગ્નોના આયોજન એક માસ બાદ યોજાશે જેથી એક માસ સુધી તમામ શુભ કાર્યોનો અંત થયો છે.

## લાયોનેસ કલબ દ્વારા સેવાકાર્ય



લાયોનેસ ક્લબ દ્વારા આંગણવાડીના બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. સેક્ટર-૨૪ની આંગણવાડી ખાતે બાળકોને સ્વેટર વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ જુદી જુદી આંગણવાડીના ૪૫ જેટલા બાળકોને સ્વેટરનું વિતરણ કરાયું હતું. જેમાં લાયોનેસ પ્રમુખ નીતાબેન રાણા, સેક્રેટરી ઉષાબેન ટાટુ, પૂર્વ પ્રમુખો દેવલબેન જોષી, મિતલ રાણા, સંયોજક હર્ષા બા ધાંધલ, આંગણવાડીની સંચાલિકા બહેનો સહિત લાયોનેસ ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



સ્વર્ણિમ ઉજવણી દરમિયાન ગાંધીનગરને રંગે ચંગે સજાવી રહ્યા છે ત્યારે માર્ગ પરથી પસાર થતા નાના વાહનો એકસીડન્ટનો ભોગ બનશે તે ધ્યાનમાં લેવામાં આવ્યું નથી. માર્ગો રીપેરીંગ કરવામાં આવ્યા પણ રીપેરીંગ દરમિયાન માર્ગની ધાર મારજીનનું ધ્યાન રાખવામાં આવ્યું નથી જેના કારણે નાના વાહનો મોટા વાહનોને સાઈડ આપતા આ ધાર પરથી સ્લીપ થઈ શકે અને મોટા વાહનોની અડફેટમાં આવી જાય તેમ છે તેથી યોગ્ય લેવલિંગ મુજબ માર્ગ બનાવવા જોઈએ જેથી કોઈ એકિસડન્ટની દુર્ઘટના ન બને.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગ ખાતે યોજાઈ વક્તૃત્વ સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણા તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગ ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વિભાગ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ વક્તૃત્વ સ્પર્ધામાં વિભાગમાં અભ્યાસ કરતા પી.જી.ડી.એસ.સી. અને એમ.એ.-એજ્યુકેશનના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આઈ.આઈ.ટી.ના પ્રો. ભાવેશભાઈ રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શિક્ષણવિભાગના અધ્યક્ષ પ્રો. રણજીતસિંહ પવારે



અતિથિને મોમેન્ટો અને પુસ્તક અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓને 'આઝાદી કા અમૃત મહોત્સવ' સંદર્ભે 'વિવિધતામાં એકતા' વિષય પર વકતવ્ય આપવાનું હતું. જેમાં વિભાગના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઊંડાણભરી માહિતી સાથે દેશની આઝાદીનાં ૭૫ વર્ષમાં દેશના વિવિધ ભાગોમાં ભાષા, પહેરવેશ, ધર્મ અને અનેક પ્રકારની વિવિધતા છતાં પણ થયેલા વિકાસ અંગે પોતાની રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ, ડૉ. નીલેશભાઈ પંડ્યા તથા ડૉ. રૂપમબેન ઉપાધ્યાયે ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઉમંગભાઈ રાવલ, બીજા ક્રમે સાધનાબેન રોય અને ત્રીજા ક્રમે કુંજનબેન ઠક્કર રહ્યાં હતાં. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. મિનલબા જાડેજાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમના સંચાલક અને સંયોજક તરીકે ડૉ. કુણાલ પંચાલે ભૂમિકા ભજવી હતી.

## જે.એમ. ચૌધરીમાં ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૩

જે.એમ. ચૌધરીમાં શાળાના આચાર્યબેન રમીલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે ઉર્જા બચત તેમજ ઉર્જાના સ્ત્રોત વિશેની માહિતીનો સેમિનાર યોજાયો હતો. ઉર્જા સંરક્ષણ દિનની ઉજવણીના ભાગરૂપે સેકટર-૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલભાઈ, શિવાંગ ભાઈ તથા હાર્દિકભાઈએ ઘરમાં ઉર્જા બચતનું મહત્વ સમજાવ્યું હતું. આચાર્યા બેન તથા ધરાબેન પટેલે કાર્યક્રમ નું આયોજન તેમજ સંચાલન કર્યું હતું.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ગઢવી અશ્વિનદાન શામળદાન**, ઉ.વ. ૫૧, ટોકરા, સા.કાં.
- **સ્વ. ભાવસાર રસિકલાલ જગજીવનદાસ**, ઉ.વ. ૭૪, પેથાપુર
- **સ્વ. વાઘેલા કૃષ્ણસિંહ બબાજી**, ઉ.વ. ૪૧, નવા પીંપળજ
- **સ્વ. શર્મા શારદાબેન જયંતિભાઈ**, ઉ.વ. ૮૧, પેથાપુર
- **સ્વ. પટેલ કાન્તાબેન શનાભાઈ**, ઉ.વ. ૮૩, ભાદોલ, કલોલ